RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 9 * Issue No.171* Date: 11.04.2023, Tuesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

NEWS OF GANDHINAGAR_P-1

# અરુણાચલમાં અમિત શાહનો હુંકાર

**ભારતની સરહદો સંપૂર્ણ રીતે સુરક્ષિત છે અને કોઈ પણ આપણી જમીન પર કબજો જમાવી શકશે નહીં.**

**ભારતીય અધિકારીની ઝંગનાનની મુલાકાત ચીનની પ્રાદેશિક સાર્વભૌમત્વનું ઉલ્લંઘન કરે છે અને સરહદ શાંતિ અને શાંતિવાર્તા માટે અનુકૂળ નથી. : ચીન**



દિબ્રુગઢ,તા.૧૦

ગૃહમંત્રી અમિત શાહે સોમવારે અરુણાચલ પ્રદેશની ધરતીથી વિરોધીઓને જડબાતોડ જવાબ આપ્યો. અમિત શાહે કહ્યું કે ભારતની સરહદો સંપૂર્ણ રીતે સુરક્ષિત છે અને કોઈ પણ આપણી જમીન પર કબજો જમાવી શકશે નહીં. ભારત-ચીન સરહદ નજીક આવેલી કિબિતુ ગામમાં અમિત શાહે ચીનનું નામ લીધા વગર કહ્યું કે સમગ્ર દેશ આજે પોતાના ઘરોમાં આરામથી ઊંઘી શકે છે કારણ કે આપણા આઈટીબીપીના જવાન અને સેના સરહદો પર રાત દિવસ ચોંકી કરે છે. આપણા પર ખરાબ નજર નાખવાની કોઈનામાં હિંમત નથી. અત્રે જણાવવાનું કે અમિત શાહ હાલ અરુણાચલ પ્રદેશના પ્રવાસે છે. બ દિવસના પ્રવાસે પહોંચેલા અમિત શાહે અરુણાચલ પ્રદેશના કિબિથુ વિસ્તારમાં વાઈબ્રન્ટ વિલેજ પ્રોગ્રામની શરૂઆત કરી. તેનાથી સરહદી ગામડાઓમાં રહેતા લોકોના જીવનની ગુણવત્તામાં સુધાર આવશે. આ સાથે જ પલાયનને રોકવા અને સરહદોને મજબૂત કરવાના મુદ્દે પણ વાઈબ્રન્ટ વિલેજ પ્રોગ્રામ ખુબ મહત્વનો માનવામાં આવી રહ્યો છે.

કિબિથુ ગામ ચીન સાથે જોડાયેલી સરહદ નજીક છે. અમિત શાહની વાઈબ્રન્ટ વિલેજ યોજના પર ૪૮૦૦ કરોડ રૂપિયા ખર્ચાશે. તેમનો આ પ્રવાસ ખુબ મહત્વનો ગણાઈ રહ્યો છે. કારણ કે હાલમાં જ ચીને અરુણાચલ પ્રદેશના ૧૧ સ્થળોના નામ બદલી નાખ્યા હતા. અમિત શાહના આ પ્રવાસથી ચીનને પણ ખુબ મરચા લાગ્યા છે. તેમની મુલાકાતને લઈને ચીનમાં હોબાળો મચી ગયો છે. શાહની અરુણાચલની મુલાકાત પર ચીને કહ્યું કે તે ગૃહમંત્રીની મુલાકાતનો સખત વિરોધ કરે છે.

અમિત શાહ ગૃહમંત્રી તરીકે ઉત્તરપૂર્વીય રાજ્યની તેમની પ્રથમ મુલાકાતમાં ભારત-ચીન સરહદે આવેલા ગામ કિબિથુમાં 'વાઈબ્રન્ટ વિલેજ પ્રોગ્રામ' લોન્ચ કર્યો છે.. બે દિવસની મુલાકાત દરમિયાન તેઓ લિકાબલી (અરુણાચલ પ્રદેશ), છપરા (બિહાર), નૂરનાદ (કેરળ) અને વિશાખાપટ્ટનમ (આંધ્રપ્રદેશ) ખાતે ઈન્ફ્રાસ્ટ્રક્ચર વધારવા માટે ઈન્ડો-તિબેટિયન બોર્ડર પોલીસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કરશે. ચીન અને ભારત વચ્ચેના તણાવ વચ્ચે ગૃહમંત્રીની આ વિસ્તારની મુલાકાત થઈ રહી છે. ચીને ૨ એપ્રિલે જાહેરાત કરી હતી કે તે અરુણાચલ પ્રદેશમાં ૧૧ સ્થળોના નામ 'માનક' કરશે. ચીનના નાગરિક બાબતોના મંત્રાલયે નકશા પરના ૧૧ સ્થાનોની યાદી બહાર પાડી છે જે અરુણાચલ પ્રદેશના વિસ્તારોને દક્ષિણ તિબેટીયન વિસ્તારની અંદરના વિસ્તારો તરીકે દર્શાવે છે, જેને ચીન 'ઝાંગનાન' કહે છે.શાહની મુલાકાત અંગેના એક પ્રશ્નના જવાબમાં પ્રવક્તા વાંગ વેનબિન જણાવ્યું હતું કે 'ઝાંગનાન ચીનનો પ્રદેશ છે,' તેમણે ઉમેર્યું હતું કે 'ભારતીય અધિકારીની ઝંગનાનની મુલાકાત ચીનની પ્રાદેશિક સાર્વભૌમત્વનું ઉલ્લંઘન કરે છે અને સરહદ શાંતિ અને શાંતિવાર્તા માટે અનુકૂળ નથી.' ભારત સરકારે ૪ એપ્રિલે આ ક્ષેત્ર પર ચીનના સાર્વભૌમત્વને સંપૂર્ણ રીતે નકારી કાઢ્યું હતું. એક નિવેદનમાં વિદેશ મંત્રાલયના સત્તાવાર પ્રવક્તા, અરિંદમ બાગ્ચીએ પુનરોચ્ચાર કર્યો કે અરુણાચલ પ્રદેશ ભારતનો આંતરિક ભાગ છે. "અમે આવા અહેવાલો જોયા છે. આ પહેલીવાર નથી જ્યારે ચીને આવો પ્રયાસ કર્યો હોય. અમે તેને સ્પષ્ટપણે નકારીએ છીએ. વ્હાઈટ હાઉસે પણ આ ક્ષેત્રનું નામ બદલવાના ચીનના પગલાં સામે 'જોરદાર વિરોધ' વ્યક્ત કર્યો છે. વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરીન જીન-પિયરે કહ્યું કે યુનાઈટેડ સ્ટેટ્સ, જેમ તમે જાણો છો, લાંબા સમયથી તે પ્રદેશને માન્યતા આપી છે અને અમે વિસ્તારોના નામ બદલીને પ્રદેશ પરના દાવાને આગળ વધારવાના કોઈપણ એકપક્ષીય પ્રયાસનો સખત વિરોધ કરીએ છીએ.આ પહેલા ગૃહમંત્રી અમિત શાહે ૧૦ એપ્રિલે ટ્વીટ કરીને જાણકારી આપી હતી. તેમણે લખ્યું- આજનો દિવસ મહત્વપૂર્ણ છે. વાઈબ્રન્ટ વિલેજ પ્રોગ્રામ અરુણાચલ પ્રદેશથી શરૂ થશે.

તેનો હેતુ સરહદને અડીને આવેલા ગામડાઓમાં લોકોને રોજગારી મળે અને તેઓ વિકાસ કરી શકે.વીવીપીએ કેન્દ્રની એક યોજના છે જે સરહદી ગામડાઓમાં રહેતા લોકોને પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડીને તેમની જીવનશૈલી સુધારવામાં મદદ કરે છે. આ માટે અરુણાચલ પ્રદેશ, સિક્કિમ, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ અને કેન્દ્રશાસિત પ્રદેશ લદ્દાખના ૧૯ જિલ્લાના ૪૬ બ્લોકમાં ૨,૯૬૭ ગામોની ઓળખ કરવામાં આવી છે.

## આ વખતે ચોમાસા પર અલ નીનોનો ખતરો તોળાઈ રહ્યો છે

# ચોમાસામાં સામાન્ય કરતાં ઓછો વરસાદ પડી પડે તેવી સંભાવના વ્યકત કરવામાં આવી

### ગુજરાત, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રમાં મોનસૂનના મુખ્ય મહિનાઓ દરમિયાન અપૂરતો વરસાદ પડવાની શક્યતા

નવીદિલ્હી,તા.૧૦

આ વખતે ગુજરાતમાં તો ભર ઉનાળામાં પણ કમોસમી વરસાદે પીછી નથી છોડ્યો. ત્યારે હવામાનની આગાહી કરતી પ્રાઈવેટ એજન્સી સ્કાઈમેટે આ વખતે કેવો વરસાદ પડશે તે અંગેનું પહેલું અનુમાન આપી દીધું છે. સ્કાઈમેટ પ્રમાણે, આ વખતે વરસાદ સામાન્યથી ઓછો રહેશે. આ વખતે સામાન્ય વરસાદ થવાની માત્ર ૨૫ ટકા જ સંભવના છે. એલપીએનું ૯૪ ટકા વરસાદ થવાનું અનુમાન છે. દુષ્કાળની પણ ૨૦ ટકા સંભાવના છે. હકીકતમાં લા નીના પુરૂં થઈ ચૂક્યુ છે અને આગામી દિવસોમાં અલ નીનોને કારણે વરસાદ નબળું રહેવાની સંભાવના પણ વ્યક્ત કરવામાં આવી રહી છે.

સ્કાયમેટના જણાવ્યા પ્રમાણે, આ વખતે ચોમાસા પર અલ નીનોનો ખતરો તોળાઈ રહ્યો છે. જેના કારણે વરસાદ સામાન્ય કરતા ઘણો નબળો રહી શકે છે. આ સાથે એમ પણ જણાવ્યુ કે, દેશને દુષ્કાળનો સામનો પણ કરવો પડી શકે છે. વધુ પડતી ગરમીને કારણે પાક પર પણ ખરાબ અસર થવાની સંભાવના છે.

જ્યારે પ્રશાંત મહાસાગરમાં સમુદ્રની ઉપરની સપાટી ગરમ હોય છે ત્યારે અલ નીનોની અસર જોવા મળે છે. તેની અસર દક્ષિણ-પશ્ચિમ ચોમાસા પર પડે છે. એવો અંદાજ છે કે, મે-જુલાઈ વચ્ચે અલ નીનોની અસર પાછી આવી શકે છે. જૂનથી સપ્ટેમ્બર વચ્ચે દેશમાં ચોમાસું પણ સંપૂર્ણપણે સક્રિય થાય છે.

સ્કાયમેટે એવી પણ આગાહી કરી છે કે, અલ નીનોના કારણે દુષ્કાળની સંભાવના છે. જોકે, તેઓ જણાવે છે કે, દુષ્કાળની માત્ર ૨૦% શક્યતા છે. અલ નીનોની અસરને કારણે ઉનાળામાં ઓછો વરસાદ પડે છે. પરંતુ આ ચોક્કસ નથી, કારણ કે મજબૂત અલ નીનો હોવા છતાં ૧૯૯૭માં સામાન્ય કરતાં વધુ વરસાદ પડ્યો હતો, જ્યારે ૨૦૦૪માં નબળા અલ નીનો હોવા છતાં ગંભીર દુષ્કાળ પડ્યો હતો.

સ્કાયમેટની આગાહી પ્રમાણે આખા દેશ માટે સારા સમાચાર નથી. ખાસ કરીને ખેતીના સંદર્ભમાં તો નથી. આ વખતે ચોમાસામાં ઓછો વરસાદ પડશે તેવું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. ચોમાસાની મોસમ જૂનથી સપ્ટેમ્બર સુધી હોય છે. ગયા વર્ષે આ સમયમાં સારો વરસાદ પડ્યો હતો. આમ છતાં દેશનો ૧૭% વિસ્તાર દુષ્કાળની ઝપેટમાં રહ્યો.

ગયા વર્ષે જે વિસ્તારોમાં ઓછો વરસાદ પડ્યો હતો તેમાં ઉત્તર પ્રદેશ, બિહાર, ઝારખંડ, પશ્ચિમ બંગાળના ગંગાના મેદાનો અને ઉત્તર પૂર્વના કેટલાક રાજ્યો હતા. આ વર્ષ અલ-નીનોનું હોઈ શકે છે. મતલબ કે ચોમાસામાં સામાન્ય કરતાં ઓછો વરસાદ પડી શકે છે. આ વર્ષ અલ-નીનોનું હોઈ શકે છે. મતલબ કે ચોમાસામાં સામાન્ય કરતાં ઓછો વરસાદ પડી શકે છે.

હવામાન એજન્સીએ ૨૦૨૩ માટે મોનસૂનનું પૂર્વાનુમાન જાહેર કરી દીધું છે. આ મોનસૂન પૂર્વાનુમાન અનુસાર જૂનથી સપ્ટેમ્બર સુધી ૪ મહિનાનો સરેરાશ વરસાદ ૮૬૮.૮ મિ.મી.ની તુલનાએ ૮૧૬.૫ મિ.મી. એટલે કે ૯૪%( /-૫ ટકા) રહેવાની શક્યતા છે. અગાઉ જાન્યુઆરીમાં પણ પૂર્વાનુમાન જાહેર કરાયું હતું જેમાં જણાવાયું હતું કે ૨૦૨૩માં મોનસૂન સરેરાશથી ઓછો રહેવાની આશંકા વ્યક્ત કરાઈ હતી જેને હવે યથાવત્ રખાઈ છે.

હવામાન એજન્સી સ્કાયમેટના એમડી જતીન સિંહે કહ્યું કે ટ્રિપલ-ડિપ-લા નીનાને કારણે દક્ષિણ-પશ્ચિમ મોનસૂને છેલ્લી ૪ સિઝનમાં સામાન્ય કે સામાન્યથી વધુ વરસાદ નોંધ્યો નહોતો.

હવે લા નીનાની અસર સમાપ્ત થઈ ગઈ છે. અલ નીનોની શક્યતા વધી રહી છે અને મોનસૂન દરમિયાન તેની એક મુખ્ય કેટેગરી બનવાની શક્યતા પણ વધી રહી છે. અલ નીનોની વાપસી એક નબળા મોનસૂનની ભવિષ્યવાણી કરી શકે છે.

## રાજસ્થાન સરકાર જયપુર અને અન્ય ચાર શહેરો માટે ૫૦૦ બસો ખરીદશે




જયપુર,તા.૧૦

રાજસ્થાન સરકાર જયપુર સહિત રાજ્યના પાંચ શહેરના પરિવહન નિગમો માટે ૫૦૦ નવી બસો ખરીદશે. સરકાર પહેલીવાર શહેરના પરિવહન માટે કેટલીક એસી ઈલેક્ટ્રિક બસો પણ ખરીદશે. સરકારે ૫૦૦ નવી બસો માટે નાણાકીય મંજૂરી આપી દીધી છે. મુખ્ય મંત્રીના બજેટ ભાષણ દરમિયાન આ જાહેરાત કરવામાં આવી હતી, તેમ સ્થાનિક સ્વરાજ્ય વિભાગના સચિવ જોગા રામે જણાવ્યું હતું.રાજ્યના પાંચ શહેર પરિવહન નિગમો - જયપુર સિટી ટ્રાન્સપોર્ટ સર્વિસીસ લિમિટેડ (જેસીટીએસએલ), કોટા બસ સર્વિસીસ લિમિટેડ (કેબીએસએલ), જોધપુર બસ સર્વિસીસ લિમિટેડ (જેબીએસએલ), ઉદયપુર બસ સર્વિસીસ લિમિટેડ (યુબીએસએલ) અને અજમેર પુષ્કર સિટી બસ લિમિટેડ (એપીસીબીએસએલ) આ વિભાગ હેઠળ આવે છે.વિભાગના અધિકારીઓએ જણાવ્યું હતું કે નાણાં વિભાગે ૫૦૦ બસોની ખરીદી માટે રૂ. ૧૩૨.૨૪ કરોડની નાણાકીય જોગવાઈને મંજૂરી આપી છે. આ માટેના નાણા રાજસ્થાન ટ્રાન્સપોર્ટ બેઝિક ડેવલપમેન્ટ ફંડમાંથી મેળવવામાં આવશે.રાજ્યની સૌથી મોટી સિટી ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન તરીકે જેસીટીએસએલને આ ૫૦૦ બસોમાંથી ૩૦૦ બસો મળશે. બાકીની ૨૦૦ બસો બાકીના ચાર પરિવહન નિગમોને અપાશે. જેસીટીએસએલ તમામ ૫૦૦ બસો સત્તાવાર રીતે ખરીદશે અને ત્યારબાદ ૨૦૦ બસો અન્ય નિગમોને સોંપવામાં આવશે, તેમ એક અધિકારીએ ઉમેર્યું હતું. નવેમ્બર ૨૦૨૨માં, જેસીટીએસએલએ કેન્દ્રીય વીજ મંત્રાલયના કન્વર્જન્સ એનર્જી સર્વિસીસ લિમિટેડ (સીઈએસએલ) દ્વારા આયોજિત બિડમાં ભાગ લઈને કોર્પોરેશન માટે ૨૦૦ બસો હસ્તગત કરવાની દરખાસ્ત રજૂ કરી હતી. જો કે આ વખતે ખરીદી કેવી રીતે થશે તે અંગે હજુ સુધી સ્પષ્ટતા થઈ શકી નથી.ખરીદીની પ્રક્રિયા વિશે હજુ સુધી કોઈ ચર્ચા કરવામાં આવી નથી. એક સિનિયર અધિકારીએ જણાવ્યું હતું કે, હવે પછીનું પગલું ભરતાં પહેલાં અમારે પહેલા સરકારની મંજૂરીના આદેશમાંથી પસાર થવું પડશે.

## ચીનની હરકતો પર ચાંપતી નજર રાખી રહ્યું છે ભારત, રાજનાથ સિંહે પીએમઓને ગુપ્ત રિપોર્ટ મોકલ્યો

નવીદિલ્હી,તા.૧૦

પાડોશી દેશ ચીન ભારતની ગતિવિધિઓ પર નજર રાખવા માટે સતત નવી યુક્તિઓ અપનાવી રહ્યું છે. લેટેસ્ટ મામલો ચીનની રડાર સિસ્ટમનો છે. ચીન શ્રીલંકામાં ડોંડારા ખાડીમાં રડાર સિસ્ટમ સ્થાપિત કરવા પર કામ કરી રહ્યું છે.

ચીનના આ પગલાથી ભારત સરકાર સતર્ક થઈ ગઈ છે. રક્ષા મંત્રી રાજનાથ સિંહે ભારતીય નૌકાદળની ગુપ્તચર માહિતી સાથે સંબંધિત ૧૨ પાનાનો ગુપ્ત અહેવાલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મોકલ્યો છે. આ રિપોર્ટમાં ચીનની જાસૂસીને લઈને એલર્ટ આપવામાં આવ્યું છે.

રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ચીન ભારતની જાસૂસી કરવા માટે ડોંડારા ખાડીના ૪૫ એકરમાં રડાર બેઝ બનાવવા પર વિચાર કરી રહ્યું છે. આ માટે ચીન ડોંડારા ખાડીને ૯૯ વર્ષની લીઝ પર લેવા માટે શ્રીલંકાની સરકાર સાથે વાતચીત કરી રહ્યું છે. ડોંડારા ખાડી હમ્બનટોટા બંદર જેવી જ છે.

એવું જાણવા મળ્યું છે કે સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ આ પાસાઓ પર ૧૨ એપ્રિલે સુરક્ષા પરની કેબિનેટ સમિતિને આ માહિતી આપશે.

રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ દ્વારા પીએમઓને મોકલવામાં આવેલા ૧૨ પાનાના ટોપ-સિક્રેટ રિપોર્ટમાં ભારતીય નૌસેનાએ ચીનના આવા પગલાના સંભવિત જોખમો અંગે પણ ચર્ચા કરી છે.

# જો મજૂરો દારૂ નહીં પીવે તો તેઓ સામાન ઉપાડી શકશે નહીં અને મહેનત કરી શકશે નહીં.: આબકારી મંત્રી

રાયપુર,તા.૧૦

નશાબંધીને લઈને મુખ્યમંત્રી ભૂપેશ બઘેલના નિવેદન બાદ છત્તીસગઢનું રાજકારણ ગરમાયું છે. દરમિયાન રાજ્યના આબકારી મંત્રી કવાસી લખમાએ કહ્યું છે કે, જ્યાં સુધી તેઓ જીવિત છે ત્યાં સુધી તેઓ બસ્તરમાં દારૂબંધી નહીં થવા દે. તેમણે દારૂ પીવાની હિમાયત કરી અને કહ્યું કે, તે માણસને બળવાન બનાવે છે, જો મજૂરો દારૂ નહીં પીવે તો તેઓ સામાન ઉપાડી શકશે નહીં અને મહેનત કરી શકશે નહીં.

કવાસીનો વીડિયો ખૂબ વાયરલ થઈ રહ્યો છે, જેમાં તે કહી રહી છે કે, વિદેશમાં ૧૦૦ ટકા લોકો દારૂ પીવે છે. બસ્તરમાં ૯૦ ટકા પીવે છે, પરંતુ પીવાની સ્ટાઈલ નથી જાણતા. દારૂ પીવાથી માણસ મરતો નથી, તે બળવાન બને છે, પણ વધારે પીવાથી માણસ મરી જાય છે. એટલા માટે દારૂ અને દવા, ક્યાં તો તમે દવા ખાઓ અથવા દારૂ પીવો. તો આ રીતે થોડું પીવાનો અર્થ નહીં રહે. ખેડૂતને, લોખંડ ઉપાડનાર મજૂરને. તમે આટલું મોટું લોખંડ નહિ ઉપાડી શકશો. તેઓ મજૂરી ઉપાડી લેશે, અને સાંજે જઈને દારૂ પી લેશે. તો જ પાછા કાલે કામ કરી શકશે, નહીં તો તે મજદૂર તે કામ કરી શકશે નહીં.'

તેમણે કહ્યું કે, જો મજૂરો દારૂ નહીં પીવે તો તેઓ સામાન ઉપાડી શકશે નહીં અને મહેનત પણ કરી શકશે નહીં. રમણ સિંહે ક્યારેય કોથળો ઉપાડ્યો છે. તેમને સમસ્યા શું છે? રમણ સિંહ પર નિશાન સાધતા તેમણે કહ્યું કે, 'આ લોકોને અમારા જેવા લોકોની સમસ્યાઓની ખબર નથી. મેં તાડી કાપી છે, તેથી મને ખબર છે કે મારા હાથ અને પગમાં કેટલો દુખાવો થાય છે. ઝસ ભૂપેશ બઘેલની વાતને હું સમર્થન આપું છું.

હું શરૂઆતથી જ કહી રહ્યો છું કે છત્તીસગઢમાં દારૂબંધી થશે, પરંતુ બસ્તરમાં નહીં થાય. જ્યાં સુધી હું જીવિત છું, બસ્તરમાં આવું નહીં થાય. બસ્તરમાં, તમામ દેવી દેવતાઓ, બાળકો દરેકમાં તેની પૂજા થતી હોય છે. તેના વિના અમે પ્રવાસ નથી કરતા, પૂજા પણ નથી કરતા. હું શરૂઆતથી જ કહેતો હતો.'

આ પહેલા શુક્રવારે છત્તીસગઢના મુખ્યમંત્રી ભૂપેશ બઘેલે દારૂબંધીને લઈને મોટી જાહેરાત કરી હતી. તેમણે કહ્યું કે, જ્યાં સુધી લોકો દારૂ પીવાનું બંધ નહીં કરે, ત્યાં સુધી કોઈ શરાબબંધી થઈ શકશે નહિ. ત્યાર પછીથી રાજ્યનું રાજકારણ ગરમાયું છે. પૂર્વ મુખ્યમંત્રી રમણ સિંહે કોંગ્રેસ સરકાર પર દારૂબંધીના વાયદાથી પીછેહઠ કરવાનો આરોપ લગાવ્યો છે અને સાથે જ તેને મહિલાઓનું અપમાન પણ ગણાવ્યું છે.

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO :136**

પ્રકાર : પદ્ય
વિષય : રસ થાળ
શીર્ષક : મનથી
આવો કાના થાળ તૈયાર છે,
મન નો મોહનથાળ છે,
ભાવનો ભાત છે.
દિલની દાળ છે,
વ્હાલનું વાલોરનું શાક છે.
અંતરનું અથાણું છે,
ખંતના તો ખમણ છે.
ભોળપણના તો ભજીયા છે,
આવો મારો રસથાળ છે.
હૃદયનો મેં રસ થાળ મુક્યો છે,
લાડના લવીંગ સોપારી એલચી છે .
પ્રેમની પથારી પાથરી છે,
હેતે તમને પોઢંડું રે
હિમાંશી પંડિત નિર્મોહી
વિરપુર મહીસાગર
************************************

**NOG SS No/0044**

વિષયઃ- રસથાળ
શીર્ષકઃ- પહેરામણી
શબ્દો :- ૨૨૫
નામઃ- શ્ર વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.

કેટલો સરસ શબ્દ છે,રસથાળ!

વિવિધ સ્વાદિષ્ટ વાનગીઓથી શોભતો રસથાળ જોઈને જ સ્વાદેન્દ્રિય બેકાબૂ બની રસથાળ પર તૂટી જ પડે.

અમારી અનાવિલ જ્ઞાતિમાં દીકરીનાં લગ્ન હોય એનાં બે કે ત્રણ દિવસ અગાઉ દીકરીનાં સાસરિયાંને પહેરામણી પહેરવા બોલાવે. ખુબ સરસ આગતાસ્વાગતા થાય સુશોભિત ગાદી પર બેસાડીને ઉનાળો હોય તો ઠંડા શરબતથી સ્વાગત થાય. ખબર અંતર પૂછાય. ભોજનનો સમય થાય એટલે વિવિધ યુશાકભાજીમાંથી ટેબલ શણગારેલું હોય જેમકે કારેલાનો મગર,સૂરણ મરચાં,મૂળા,બીટ,ગાજર વગેરે માંથી પોપટ,બતક જેવી જાતજાતની કૃતિ બનાવીને મૂકી હોય ત્યાં દીકરીનાં સાસરિયાંને લઈ જાય ઘડીભર કા બધું જોતાં જ રહી જાય.

હવે દોર શરૂ થાય જાતભાતના સ્વાદિષ્ટ વાનગીઓનો,

વાનગીઓથી રસથાળ તૈયાર થાય એટલે આગ્રહ કરીને જમાડવાનું શરૂ થાય. માંડ બે કોળિયા જમે ત્યાં દીકરી વાળા ગીતો શરૂ કરે,

અમે કઢી વઘારી જીરે તમે જમજો ધીરે ધીરે મારાં વેવાણ જમવાની જુક્તિ ઓર છે.

અમે પ્રેમે બનાવ્યા ખાજા તમે જમજો ધીરે ધીરે મારાં વેવાણ જમવાની જુક્તિ ઓર છે.

અમે પીરસ્યો જીરુનો પાપડ, તમે અમારી દીકરીની લેજો સાર સંભાળ.મારાં વેવાણ જમવાની જુક્તિ ઓર છે.

અમે મેથીનાં પીરસ્યા ભજીયા તમે કદી?ના કરશો કજીયા મારાં વેવાણ જમવાની જુક્તિ ઓર છે.

અમે ભાત બનાવ્યો છૂટો તમે જમી રહ્યાં હોય તો ઊઠો મારાં વેવાણ જમવાની જુક્તિ ઓર છે.

રસથાળની મજા માણે માણે ત્યાં તો આડકતરી રીતે ઉઠવાનું સૂચન થઈ જાય, છતાં પણ વેવાણ ગીત બહુ જ સરસ ગાયું કહીને બક્ષિસ આપીને પોતાની ઉદારતા દર્શાવી જાણે કહેતાં હોય કે નચિંત રહેજો તમારી દીકરી લીલાલહેર કરશે.

************************************

**NOG SS NO - 0050**

વિષય - રસથાળ
શીષૅક - અન્નપૂર્ણા નો અવતાર
શબ્દો -
નામ - રાગીની શુક્લ "રાગ"
મુંબઈ.

....................................

જગતનાં વિશાળ પટ પર કુદરતે સુંદરને અદભૂ સૃષ્ટિને મોહકને આકર્ષક બનાવવા માટે સ્ત્રીને પૃથ્વી પર મોકલી. સ્ત્રીઓના જીવનમાં કળા ઘણો જ અગત્યનો ભાગ ભજવે છે. દરેક સ્ત્રીનાં જીવનમાં કળા વસેલી છે. જીવનનો સાદો સીધો આનંદ જીવન જીવવાની કળામાં જ છે. એ આકર્ષણ કળા તે "રસોઈકળા" ખીલાવવાની ને બહાર લાવવાની તક એક સ્ત્રીનાં હાથમાં જ છે. વિવિધ પકવાન બનાવી "રસથાળ" તૈયાર કરે છે.

રસોડુંને સ્ત્રીનો ચોલી દામનનો સાથ આધુનિક યુગમાં ઉચ્ચ શિક્ષણ મહત્વનું એટલું વિશેષ રસોઈકળનું જ્ઞાન મહત્વનું છે. રસોઈકળા એ એક અનુપમ કળા છે.આરોગ્યની ચાવીરૂપે છે.

કળાની જેમ રસોઈ પણ ધીરજને સાધન માંગે છે. સૌ સ્વાદમાં વિવિધતા ઈચ્છીએ. સ્ત્રી જીવન માટે સફળતાનું સોપાન એતો રસોઈકળામાં બહેનો નીપુણતા મેળવે છે. તેનું સામાજિકને કૌટુંબીક ઉંચુ રહે .

ઋતુ પ્રમાણે પૌષ્ટિક વાનગી બનાવી કુટુંબનાં સભ્યોને પીરસવામાં આવે તો પોષક તત્વો મળી રહે છે. આધુનિક જમાનામાં તો આરોગ્યનો વિચાર કરીએ તો દૂષિત વાતાવરણમાં જીવીએ છીએ. શરીરમાં ખૂટતા પોષક તત્વો મેળવવા માનવ સપ્લીમેન્ટરી વિટામિન્સ લે છે. જો કુદરતી રીતે બધાં વિટામિન્સ રસથાળમાં આવી જાય તો રાંધણકળા શરીરના સ્વાસ્થ્ય સાચવવામાં મહત્વનો ભાગ ભજવે છે .

હાઈજીનીક ને સસ્તી વાનગી પરિવારને ખવડાવીને દિલ જીતવાનો રસ્તો જીવનમાં રસોઈ કળામાં નિપુણતા મેળવી પ્રત્યક્ષ અનુભવ મેળવવાથી ખાત્રી પણ થાય છે.

અનેક પ્રકારની રસોઈઓને વિવિધ પ્રકારની વાનગીઓ બનાવી દરેક પ્રાંતની જુદાં જુદાં દેશની વાનગીમાં મિષ્ઠાન ફરસાણ ,સુપ કે વિવિધ મસાલાથી બનાવી શકાય.

ફરાળી, વિવિધ શાક, પૂરી, પરોઠા , અથાણાં, ચટણી, સલાડ , રાયતાં, બિરયાની ,

પુલાવ, ચોકલેટ, આઈસ્ક્રીમ, શરબત ,લસ્સી, જ્યુસ મુખવાસ, આપણાં રસથાળમાં મૂકીને સૌના પેટ સુધી પહોંચીને મન જીતી લેવાય છે. એ નજરાણું બની વાનગીઓનો સંદેશો પહોંચાડું ને પછી તમને કેવું લાગ્યું એ જરૂર કહેજો ને...!

સ્ત્રીની એક આગવી કળા પ્રભુએ આપેલી. અન્નપૂર્ણા નો અવતાર કહ્યો છે. જે ઘરમાં આવી સ્ત્રી હોય એ ખરેખર મહાન. પ્રભુએ અદભુત કળા આપી અને મહાન બનાવી દીધી છે ધન્ય છે એ સ્ત્રીને એ ઘર ને..!

-ना कोई हमारी सीमा में आया है, ना ही कोई घुसा है-

જ્યારે જ્યારે ચીનની હાલની ઘૂસણખોરી બાબતે સવાલ કરવામાં આવે છે ત્યારે ભાજપ સરકારને તરત જ ૧૯૬૨માં નહેરુ સરકાર ચીન સાથે યુધ્ધ કરીને હારી જતાં ૩૨૭૬,૯૫૩ ચો.કિમી જમીન ગુમાવી હતી તેની સ્મૃતિ થઈ આવે છે !

પરતું એજ નહેરુ સરકારના વહીવટ દરમ્યાન ૧૯૫૪માં પોંડિચેરીનો ૩,૩૦૯,૮૯૬ચો.કિમિ વિસ્તાર,૧૯૬૧માં દાદરા નગર હવેલીનો ૩,૩૧૦,૩૮૩ ચો.કિમી,અને ૧૯૬૧માં ગોવાનો ૩,૩૧૪,૦૮૫ ચો.કિમી વિસ્તાર અને દિવ દમણનો ૩,૩૧૪,૧૯૭ ચો.કિમી વિસ્તારનો ઉમેરો ભારતમાં થયો હતો તેની યાદ પણ આવતી નથી !

તદ્ઉપરાંત ૧૯૭૫માં સિક્કીમ,અને ૧૯૮૪ સિયા ચીનનો ઉમેરો કોણે કર્યો કે ૧૯૯૯ કારગીલનો વિસ્તાર કોણે કર્યો તેની પણ યાદ આવતી નથી !!

૧૯૬૨માં નહેરુના વહીવટ દરમ્યાન ચીન સાથે ભારતિય સેના યુદ્ધ હારી જતાં ભારતનો વિસ્તાર ગુમાવવો પડ્યો હતો તેના આઘાતના માનસિક દુઃખના કારણે નહેરુની શારિરીક હાલત બગડી રહી હતી અને તેઓ ૧૯૬૪માં ગુજરી ગયા હતા !

૧૯૬૨ના ચીની યુદ્ધ પછી ૨૦૨૦ સુધી ચીને ન્છઝ પર કદાપિ ઘુસણખોરી કરી નહતી પરતું ૨૦૧૪માં અમદાવાદના ફાફડા જલેબી અને ૨૦૧૯માં દક્ષિણ ભારતના ઈડલી સંભાર જમ્યા પછી જિન પીંગમાં હિંમત જાગી ગઈ હતી !!

હાલ ચીન ભારત સાથે યુદ્ધ કર્યા વગર જમીન હડપ કર્યા કરે છે અને દેશના પ્રધાનમંત્રી -ना कोई हमारी सीमा में आया है, ना ही कोई घुसा है- - કહીને તેમના દરબારીઓ મારફત નહેરુને બદનામ કરાવી રહ્યા છે !!

દેશમાં અનેક વૃદ્ધોને નહેરુની બદનામી કરતી વર્તમાન સરકાર પર મનોમન ક્રોધ ચડતો હશે !!

સૌજન્ય :પ્રવિણ પટેલ





ગુજરાત પાવર એન્જિનિયરિંગ અને રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ મેવડ મહેસાણા ખાતે જીટીયુ ઝોન બ-૨ની ડિપ્લોમા એન્જીનીયરીંગ વિભાગના ભાઈઓની ક્રિકેટ સ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એસ.એસ. એસ.આર. જી.આઈ. વડસમા, કોલેજ વિજેતા રહી હતી જ્યારે બીજા નંબર પર ગવર્મેન્ટ પોલિટેકનિક એન્જિનિયરિંગ કોલેજ, ગાંધીનગર રહી હતી. આ સમગ્ર સ્પર્ધા નું સંચાલન જીપેરીના રમતગમત પ્રશિક્ષક ડો. નરહરી પ્રસાદ સાધુએ કર્યું હતું. વિજેતા ટીમને સંસ્થાના પ્રિન્સિપાલ દ્વારા ટ્રોફી આપી પ્રોત્સાહિત કર્યા હતા.

## રાજકોટમાં ખંઢેરી નજીક યુવક-યુવતીએ સજોડે ટ્રેન હેઠળ ઝંપલાવી જિંદગી ટૂંકાવી દીધું

રાજકોટ,તા.૧૦

રાજકોટમાં ખંઢેરી નજીક યુવક-યુવતીએ સજોડે ટ્રેન હેઠળ ઝંપલાવી આપઘાત કર્યાની ઘટના સામે આવી છે. એને પગલે કમકમાટીભર્યાં દૃશ્યો સર્જાયાં હતાં. નોંધનીય છે કે પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે બંને મીઠાપુરના આરંભડા ગામનાં રહેવાસી છે અને બંને રવિવારથી લાપત્તા હતાં. હાલ યુવક-યુવતીએ સજોડે આપઘાત કરી લેતાં અરેરાટી મચી જવા પામી છે.

આ અંગેની પ્રાપ્ત વિગતો અનુસાર, આજે વહેલી સવારે ખંઢેરી ગામ નજીક ટ્રેનના પાટા પર યુવક અને યુવતીએ ટ્રેન નીચે ઝંપલાવીને આપઘાત કર્યો હતો. આ મામલે પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો અને તેમના દ્વારા પ્રાથમિક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. પોલીસની તપાસમાં સામે આવ્યું હતું કે યુવકનું નામ મહેન્દ્રસિંહ વાઘેલા છે અને યુવતીનું નામ સુમી કેર છે. બંને મીઠાપુરના આરંભડા ગામનાં રહેવાસી છે અને બંને રવિવારથી લાપત્તા હતાં. એ બાદ આજે તેમણે સજોડે ટ્રેન હેઠળ ઝંપલાવીને આપઘાત કરતાં ચકચાર મચી ગઈ હતી. સમગ્ર મામલે પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે અને બંનેએ કયા કારણસર આપઘાત કર્યો એ દિશામાં પોલીસ તપાસ થઈ રહી છે.

દરમિયાન રાજકોટ શહેરમાં ભકિતનગર રેલવે સ્ટેશન પાસે ગઈકાલે ટ્રેનની ઠોકરે ચડી જતાં વૃદ્ધનું મોત નીપજતાં માલવિયાનગર પોલીસ સ્ટાફ દ્વારા તપાસ કરતાં મૃતક રેલનગરમાં છત્રપતિ ટાઉનશિપમાં રહેતા હોવાનું અને સમ્રાટ ઈન્ડસ્ટ્રીઝમાં કારખાનામાં મજૂરીકામ કરતા હોવાનું સામે આવ્યું હતું. મૃતક પોતે કામ કરી ઘરે જતા હતા ત્યારે ટ્રેનના પાટા ઓળગવા જતાં ઘટના બની હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવતાં પોલીસે કાગળ કાર્યવાહી કરી વધુ તપાસ હાથ ધરી છે.

રાજકોટમાં ૪ મહિના પહેલાં પણ આ જ પ્રકારની ઘટના બની હતી, જેમાં વીરપુર અને કાગવડ વચ્ચે ટ્રેન હેઠળ ઝંપલાવી પ્રેમી યુગલે આપઘાત કર્યો હતો. એમાં કેશોદ પંથકની પરિણીત યુવતી અને ગોંડલ પંથકના યુવાન વચ્ચે પ્રેમસંબંધ બંધાયા બાદ પરિવારજનો એક થવા નહીં દે એવા ડરથી બન્નેએ સજોડે આપઘાત કરી લીધો હતો. આ મામલે મૃતકના પરિવારજનોને જાણ કરવામાં આવતાં તેઓ હોસ્પિટલે દોડી આવ્યા હતા.

વીરપુર અને કાગવડ વચ્ચે ૪ મહિના પહેલાં આ જ પ્રકારે એક યુવક અને યુવતી શાંત્રાગાચી એકસપ્રેસ ટ્રેન હેઠળ ઝંપલાવી આપઘાત કરી લેતાં આ બનાવની જાણ થતાં પોલીસ ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને મૃતક યુવક-યુવતીની ઓળખ મેળવવા માટે તપાસ કરી હતી. પોલીસની તપાસમાં જાણવા મળ્યું હતું કે મૃતક યુવતી કેશોદના ખમીતાણ ગામની ગીતા જગદીશ રાઠોડ (ઉં.વ.૨૬) અને યુવક ગોંડલના મસીતાડા ગામનો અજય ભીમા ભાસ્કર (ઉં.વ.૨૨) હોવાનું સામે આવ્યું હતું. એ બાદ બન્નેના પરિવારજનોને જાણ કરવામાં આવી હતી.

પોલીસની તપાસમાં જાણવા મળ્યું કે કેશોદ પંથકની ગીતા રાઠોડ પરિણીત હતી, જ્યારે મસીતાડાનો અજય કુંવારો હતો. બન્ને હાલ શાપર વેરાવળમાં રહેતાં હોવાથી તેમની વચ્ચે આંખ મળી ગઈ હતી, પરંતુ ગીતા પરિણીત હોવાથી પરિવારજનો બન્નેના પ્રેમસંબંધને સ્વીકારશે નહીં એવા ડરથી બન્ને બે દિવસ પૂર્વે ઘરેથી નીકળી ગયાં હતાં

### ૫ હીરા ન મળતાં કર્મચારીને મારી નખાયો

## હીરાના કારખાનાના માલિકે કારીગરને રૂમમાં ગોંધીને લાકડીના ફટકા મર્યા, સારવાર પહેલાં મોત



અમદાવાદ,તા.૧૦

અમદાવાદના પૂર્વ વિસ્તારમાં એક હીરાના કારીગર પર શંકા જતા માલિક અને અન્ય લોકોએ ભેગા થઈને તેને ઢોરમાર માર્યો હતો, જેમાં હીરાના કારીગરને ગંભીર ઈજા થતાં તેનું નિધન થયું હતું. આ સમગ્ર મામલે પરિવારજનોએ હોબાળો કર્યો હતો અને કૃષ્ણનગર પોલીસમાં આ અંગે ફરિયાદ નોંધાવતા હાલ કૃષ્ણનગર પોલીસે હત્યાનો ગુનો નોંધીને આરોપીને પકડવા માટે પ્રયાસ કર્યા છે, બીજી તરફ સામાન્ય શંકાના આધારે એક વ્યક્તિનું મોત થતા હીરાબજારમાં પણ શોકની લાગણી ફેલાઈ છે.ઠક્કરનગરમાં હીરા ઘસવાના કારીગરને બંધક બનાવીને હત્યાની ઘટનાએ ચકચાર મચાવી હતી. ઠક્કરનગર વિહાણ કોમ્પ્લેક્સમાં હીરાના કારખાનામાં હીરા ઘસવાનું કામ કરતા હરેશભાઈ ભાલિયા નામના ૪૫ વર્ષના આધેડની હીરાના કારખાનાના માલિક ધર્મેશ મોરડિયા અને મેનેજર મુકેશ વઘાસિયા તેમજ વિજય ગજ્જર નામના વ્યક્તિએ બંધક બનાવીને લાકડીઓથી માર મારી હત્યા કરી છે. આ આરોપીઓ હીરાના પાંચ નંગ નહિ મળતા હરેશભાઈ પર શંકા રાખીને તેમને માર માર્યો હતો. ગંભીર રીતે ઈજાગ્રસ્ત હરેશભાઈનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. પરિવારનું ગુજરાન ચલાવનાર મોભીની હત્યા થતા પરિવારમાં આક્રોશ વધ્યો છે અને ગુનેગારોને સજા મળે તેવી માગ કરી છે.

મૂળ અમરેલી અને હાલ નિકોલની ચાણક્ય પાર્ક સોસાયટીમાં રહેતા હરેશભાઈ ભાલિયા છેલ્લાં ૧૫ વર્ષથી હીરા ઘસવાના કારીગર છે. અમદાવાદના જુદા-જુદા કારખાનામાં હીરાના મથાળાના કારીગર તરીકે હીરા ઘસીને પરિવારનું ગુજરાન ચલાવતા હતા. મૃતક છેલ્લા ૨૦ દિવસ પહેલાં જ ઠક્કરનગરમાં ધર્મેશભાઈ મોરડિયાના હીરાના કારખાનામાં જોડાયા હતા. હરેશભાઈ પાંચ જેટલા હીરાના નંગ ધર્મેશભાઈને જમા કરાયા વગર ચા પીવા જતા રહ્યા.આરોપીઓએ હરેશભાઈને પકડીને રૂમમાં બંધક બનાવી હીરાના નંગની ઉઘરાણી શરૂ કરી પરંતુ, હરેશભાઈ કંઈ જણાવે તે પહેલાં જ આરોપીઓ દ્વારા તેઓને રૂમમાં ગોંધી રાખીને લાકડીઓથી ફટકા મારતા આધેડ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. આ ઘટનાને લઈને કૃષ્ણનગર પોલીસે હત્યાનો ગુનો નોંધી કારખાના મલિક સહિત ૩ની ધરપકડ કરી છે. ૫ હીરાના નંગ નહિ મળતા કારખાના માલિકે કારીગરની જ હત્યા કરી દેતા કારીગરોમાં પણ રોષ વધ્યો છે.. ખરેખર આ હત્યા પાછળ હીરાનો નંગ જવાબદાર છે કે, કોઈ અન્ય કારણ છે જેને લઈને પોલીસે આરોપીની વધુ પૂછપરછ શરૂ કરી છે.

## અમદાવાદઃ એક મહિલાએ પોતાના પતિના મિત્ર વિરુદ્ધ રેપની ફરિયાદ નોંધાવી

અમદાવાદ,તા.૧૦

અમદાવાદના નિકોલ વિસ્તારમાં હેરાન કરી દેનારી ઘટના સામે આવી છે. નિકોલમાં રહેનારી એક મહિલાએ પોતાના પતિના મિત્ર વિરુદ્ધ રેપની ફરિયાદ નોંધાવી છે. મહિલાએ આરોપ લગાવ્યો કે, પતિના મિત્રો છાનામાના ફોટા ખેચી લીધા અને પછી બ્લેકમેલ કરીને ઘણી વખત શારીરિક સંબંધ બનાવ્યા. મહિલાનો આરોપ છે કે તેના પતિને જીવથી મારી નાખવાની ધમકી આપી. મહિલાની ફરિયાદ પર પોલીસે કેસ દાખલ કરીને કાયદાકીય કાર્યવાહી હાથ ધરી છે. રિપોર્ટ્સ મુજબ, નિકોલ વિસ્તારમાં રહેનારી ૪૨ વર્ષીય હીના (નામ બદલ્યું છે)નો પતિ હીરા ઘસવાનું કામ કરે છે. તો હીના બીજી જગ્યાએ હીરા ઘસવાનું કામ કરતી હતી. વર્ષ ૨૦૦૮માં પતિનો મિત્ર પ્રવીણ ધુલાભાઈ પ્રજાપતિ હીનાના વિસ્તારમાં રહેવા આવ્યો. તો એક દિવસે પતિએ હીનાની મુલાકાત પ્રવીણ સાથે કરાવી. ત્યારબાદ તેનું હીનાના ઘરે આવવા-જવાનું ચાલુ થઈ ગયું. એક દિવસે ૭:૦૦ વાગ્યા પહેલા પ્રવીણ હીનાના ઘરે આવી ગયો. એ સમયે હીના એકલી હતી. પ્રવીને થોડા સમય સુધી વાત કરી લીધી. એ દરમિયાન પ્રવીણે હીનાના કેટલાક ફોટા ખેચી લીધા. હીનાએ આ ફોટો ડિલીટ કરવા કહ્યું હતું, પરંતુ તેણે એમ ન કર્યું. થોડા સમય બાદ પ્રવીણે જીના સામે પ્રેમ વ્યક્ત કરવાની શરૂઆત કરી દીધી.

હીનાએ જ્યારે એમ કહ્યું કે, મારું ઘરે રહેવાનું મુશ્કેલ થઈ જશે. એ સાંભળીને પ્રવીણ ગુસ્સે ભરાઈ ગયો. તેણે હીનાને ધમકી આપી કે જો તે શારીરિક સંબંધ ન બનાવ્યા તો હું તારા પતિને પોતાના મોબાઈલ ફોનમાં તારા ફોટો દેખાડી દઈશ. એ સાંભળીને હીના ડરી ગઈ કે ક્યાંક ઘરમાં ઝઘડો ન થઈ જાય. એ સમયે હીના ઘરમાં એકલી હતી અને પ્રવીણે અવસરનો ફાયદો ઉઠાવીને તેની સાથે બળજબરીપૂર્વક સંબંધ બનાવ્યા. ત્યારબાદ પણ પ્રવીણની ઈચ્છા ઓછી ન થઈ. ત્યારબાદ પ્રવીણ વારંવાર હીનાને નરોડા વિસ્તારમાં એક ગેસ્ટ હાઉસ લઈ ગયો અને તેની સાથે દુષ્કર્મ કર્યું. થોડા સમાય સુધી એમ ચાલતું રહ્યું. વર્ષ ૨૦૧૪માં હીનાના પતિને બંનેના સંબંધ બાબતે જાણકારી મળી તો તેણે એક-બીજાને પ્રવીણ પર નજર રાખી. ત્યારબાદ પ્રવીણ હીનાને બ્લેકમેળ કરવા લાગ્યો.

## ગુજરાતમાં હવે વિદ્યાર્થીઓથી વયસ્કોની આત્મહત્યાની ઘટનાઓ વધી રહી છે

અમદાવાદ,તા.૧૦

અમદાવાદમાં દર્શન સોલંકી નામના એક વ્યક્તિએ એક ઈમારતના સાતમા માળથી ઝંપલાવીને આત્મહત્યા કરી અને સ્થાનિક પોલીસે તેને આકસ્મીક મૃત્યુનો કેસ ગણીને ફાઈલ બંધ કરી પણ એક માસ બાદ દર્શને લખેલી એક સ્યુસાઈડ નોટ આત્હમત્યા પુર્વે લખેલી ચીઠ્ઠીમાં નિષ્ફળ થયું કે તેની આ આત્મહત્યા પાછળ મુંબઈમાં આઈઆઈટીમાં અભ્યાસ કરતા એક વિદ્યાર્થી જવાબદાર હતો અને તેની ધરપકડ થઈ. આમ આત્મહત્યા સમયે વ્યક્તિ જો તેની આખરી નોંધ લખે છે તેનાથી તેણે આ માટે આ અંતિમ પગલું લેવું પડયું છે.તે નિશ્રીત કરી શકાય છે. વાસ્તવમાં ગુજરાતમાં હવે વિદ્યાર્થીઓથી વયસ્કોની આત્મહત્યાની ઘટનાઓ વધી રહી છે. જેમાં મોટાભાગની આત્મહત્યા પાછળ નાણાકીય તંગી કે પછી તે નાણાની લેવડ-દેવડમાં ફસાઈ ગયો હોય તે જવાબદાર હોવાનું બહાર આવે છે. કોઈ વ્યક્તિ મરતા સમયે ખોટું બોલતો નથી તેવું એક સામાન્ય રીતે માનવામાં આવે છે અને તેથી સ્યુસાઈડ નોટના આધારે આત્મહત્યા માટે પ્રેરણા આપવા કે પછી આ પ્રકારના પગલા ભરી ધકેલવા પાછળ જવાબદારની સામે અનેક વખત કેસ પણ નોંધાય છે જેમાં એવું માનવામાં આવે છે કે મૃતકને 'ન્યાય' મળવો જોઈએ. હાલમાં જ ગુજરાત પોલીસના ફોરેન્સીક વિભાગે આ પ્રકારે ૨૦૦થી વધુ આત્મહત્યા નોંધનું વિશ્લેષણ કર્યુ હતું. જેમાં ૭૮% નોંધ લખનાર પુરુષો હતા અને તેઓમાં ૫૦% એ નાણાકીય ચિંતા કે કોઈ સાથે નાણા આજે લેવામાં ફસાયા હોય અથવા તો કોઈને નાણા આપીને તે પરત આપતા નથી તેથી તેને આ પગલું લેવું પડયું હોય તે દર્શાવાયુ હતું. આ પ્રકારે આત્મહત્યા કરનારે લાંબા સમય પુર્વે આ વિચારી રાખ્યું હશે તેવું તારણ કાઢવામાં આવ્યુ છે તેની નાણાકીય સ્થિતિ ઉતરોતર બગડતી જતી હતી અને કોઈ માર્ગ મળતો ન હતો તેથી તેણે પોતાની આત્મહત્યા માટે આ પ્રકારે નોંધ તૈયાર રાખી હોઈ શકે છે. મોટાભાગના લોકો જે વ્યાજ વિ.માં ફસાયા હોય તે લાંબી નોંધ લખે છે જેથી તેને આ સ્થિતિમાં મુકવા માટે જેણે 'ફરજ-પાડી' તેને પછી તેના કુટુંબને હેરાન કરવા માટે તક જ રહેનારી અને પોલીસ એકશન પણ આપીને અન્ય કેસમાં ધંધાકીય નિષ્ફળતા સતાવતી હોય છે.

કોઈ મોટું દેવું નહી હોવા છતા તેને રોજબરોજનો વ્યવહાર ચલાવવામાં મુશ્કેલી પડતી હોય તેના પર કુટુંબીજનો 'ફલોપ'નું લેબલ લગાવતા હોય તો તે આત્મહત્યા ભણી દોરી જાય છે તેમાં કોઈને 'હેરાન' નહી કરવા પોલીસને વિનંતી થાય છે.

NEWS OF GANDHINAGAR_P-3

NEWS OF GANDHINAGAR_P-4

# આ રાહુલ ગાંધીને આટલું બધું મહત્વ કેમ અપાઈ રહ્યું છે?



કર્ણાટકની એક ચૂંટણી સભાના સંદર્ભમાં માનહાનિ કેસમાં રાહુલ ગાંધીને સુરત કોર્ટમાં કેસ ચાલતા રાહુલને સજા થઈ છે .આપણે ત્યાં સુરતથી માંડીને ગુજરાત અને ભારત ભરમાં લાખો કેસો વરસોથી પેન્ડિગ છે અહીં તરત કેસ ચાલી પણ ગયો સજા પણ થઈ ગઈ

બીજે દિવસે તરત જ લોકસભાના સચિવાલયે રાહુલને સાંસદપદેથી હકાલપટી કરી પછી સાંસદ હોવાને નાતે રાહુલને અપાયેલો બંગલો ખાલી કરાવવામાં આવ્યો .અને હવે આપની સરકારી ટેલિફોન કંપની બી.એસ.એન.એલ.એ રાહુલના મોબાઈલનું ઈન્ટરનેટ કનેક્શન બંધ કરી દીધું રાહુલને અપાયેલો સરકારી નંબર બંધ કરી દીધો.

આવી જ રીતે સરકાર અને ટેલિફોન કંપની બધા જ ભૂતપૂર્વ સાંસદોને અને મતરીઓને અપાયેલા બંગલા ખાલી કરાવે .બી.એસ.એન એલ તાત્કાલિક આ લોકોના સરકારી કનેક્શન બંધ કરે તો આપણા ભારતીયોના મહેનતના કરવેરાના કરોડો રૂપિયા બચી જાય.

મોદી અને ભાજપનું કદ હવે રાહુલ અને કોંગ્રેસ કરતા અનેક ઘણું વધી ગયું છે .હવે રાહુલને રોજ ઊઠીને આટલું બધું મહત્વ આપવાની કોઈ જરૂર જ નથી.

મોદી અને રાહુલ વચ્ચે કોઈ જાતની સરખામણી હવે શક્ય જ નથી .જો કદાચ રાહુલ મોદી સામે ચૂંટણીમાં ઊભા રહે તો ભાજપવાલા રાહુલની ડિપોઝીટ પણ જપ્ત કરાવી દે .ભાજપ કદાચ આગામી લોકસભાની ચૂંટણીમાં રાહુલને વિપક્ષના વડાપ્રધાનપદના સંયુક્ત ઉમેદવાર રૂપે જોવા માંગતી નથી. પણ જો ભાજપના સારા નસીબે રાહુલ વિરોધપક્ષના સંયુક્ત વડાપ્રધાન તરીકે જાહેર થાય તો લોકસભાની ચૂંટણીમાં ભાજપનો જયજકાર થાય એમ છે આશરે ૩૫૦ થી વધુ બેઠકો બી.જે.પી. એકલાં હાથે જીતી શકે એમ છે

રાહુલનો બંગલો ખાલી કરાવવાનો શુ મતલબ? રાહુલનું ટેલિફોન કનેક્શન કાપી નાખવાનો શુ મતલબ ? રાહુલ ગર્ભશ્રીમંત વ્યક્તિ છે .રાહુલ પાસે જવાહરલાલ ઈન્દિરા કે રાજીવ સંજય જેવો કરિશ્મા જાદુ નથી એ કબુલ પણ આ લોકોનો મબલખ વારસો છે રાહુલ ધારે તો બીજા દસ બંગલા ખરીદી શકે છે ૨૦૦ મોબાઈલ કનેક્શન લઈ શકે છે પછી આ બધી માથાકુટનો મતલબ હેતુ શુ?.

રાહુલ હવે કદાચ સીધા ચૂંટણી મેદાનમાં આવશે નહીં પડદા પાચલથી દોરી સંચાર કરશે.

મોદીનો આજની તારીખે દૂર દૂર સુધી કોઈ હરીફ દેખાતો નથી .કોંગેસને હવે ટકવું હોય તો પ્રાદેશિક પક્ષ સાથે બાંધછોડ કરવી પડશે નહી તો કોંગેસને ૫૦ બેઠકો પણ મુશ્કેલીથી મળશે.

હવે રાહુલ અને કોંગ્રેસને છૂટી મુકી દો .આગામી લોકસભાની ચૂંટણી પછી મોદી વધુ મજબૂત અને કદાવર નેતા બની બહાર આવશે એ નક્કી જ છે.

અબ્બાસભાઈ કૌકાવાલા
સુરત

# પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજી નેતૃત્વમાં અનેપ્રદેશ મહામંત્રીશ્રી પ્રદિપસિંહ વાઘેલાજીના વરદ હસ્તે સહકારી સંસ્થાના આગેવાનો ભાજપમાં જોડાયા

**-પહેલા સહકારની અંદર સંપુર્ણ પણે કોંગ્રેસ પાર્ટીનો કબ્જો હતો, સહકારી સંસ્થા નાની હોય કે મોટી દરેકમાં ભ્રષ્ટાચાર કરી તેમના પરિવારને આર્થિક રીતે લાભ પહોંચાડવા કોંગ્રેસ દુર ઉપયોગ કરતી. – શ્રી પ્રદિપસિંહ વાઘેલા**

**-આજે સહકારી ક્ષેત્રે ભાજપની ડબલ એન્જિનની સરકાર ખેડૂતો અને પશુપાલકો માટે કામ કરી રહી છે. – શ્રી પ્રદિપસિંહ વાઘેલા**



ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ અને દેશના ગૃહમંત્રી અને સહકાર મંત્રીશ્રી અમિતભાઇ શાહ સાહેબના નેતૃત્વમાં દેશ ઝડપથી વિકાસ કરી રહ્યો છે તેમજ સહકારી ક્ષેત્રે પણ દેશ આત્મનિર્ભર થઇ રહ્યો છે તેવામાં આજે વડોદરા જિલ્લાના સહકારી આગેવાનોશ્રીઓ આજે પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીના નેતૃત્વમાં અનેપ્રદેશ મહામંત્રીશ્રી પ્રદિપસિંહ વાઘેલાજીના વરદ હસ્તે વડોદરા ડેરીના ડિરેકટર અને એપીએમસી સંખેડાના ડિરેક્ટર શ્રી ક્રિપાલસિંહ મહારાઉલ તેમજ સરસીન્ડાના સરપંચશ્રી અર્જૂનસિંહ રાઠોડ,દૂધ મંડળી મુલધરના પ્રમુખશ્રી લાલકુષ્ણ રાઠવા, દૂધ મંડળી સરસીન્ડાના પ્રમુખશ્રી પ્રમોદસિંહ મહારાઉલ, દૂધ મંડળી દેહરોલીના પ્રમુખશ્રી ભુનેસિંહ સોલંકી ખેસ અનો ટોપી ધારણ કરી ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા.

શ્રી પ્રદિપસિંહ વાઘેલાજીએ સંબોધન કરતા જણાવ્યું કે ગુજરાતમાં જે રીકે સહકાર ક્ષેત્રે વિકાસના કાર્યો રાજયના તાત્કાલીન મુખ્યમંત્રી અને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી અને દેશના ગૃહમંત્રી અને સહકારી મંત્રીશ્રી અમિતભાઇ શાહ સાહેબના માર્ગદર્શનમાં ખૂબ ઝડપથી થઇ રહ્યા છે.

પહેલા સહકારની અંદર સંપુર્ણ પણે કોંગ્રેસ પાર્ટીનો કબ્જો હતો. સહકારી સંસ્થા નાની હોય કે મોટી દરેકમાં ભ્રષ્ટાચાર કરી તેમના પરિવારને આર્થિક રીતે લાભ પહોંચાડવા દુર ઉપયોગ કરતા પરંતુ આજે ભાજપના સાશનમાં અને ખેડૂતોની સમજણને કારણે મોટા ભાગની સહકારી સંસ્થાઓ પર ભારતીય જનતા પાર્ટીનો કાર્યકર સેવા કરી રહ્યો છે.

આજે સહકારી ક્ષેત્રે ભાજપની ડબલ એન્જિનની સરકાર ખેડૂતો અને પશુપાલકો માટે કામ કરી રહી છે તેમાથી પ્રેરણા લઇ આજે વડોદારા જિલ્લાના સહરકારી આગેવાનો ભાજપમાં વિધિવત રીતે જોડાયા છે તેમનું સ્વાગત કરુ છે. વડોદરા અને છોટાઉદેપુર બંને જિલ્લામાં ભારતીય જનતા પાર્ટી સહકારી ક્ષેત્રે વધુ મજબૂત થશે તેવો વિશ્વાસ છે.

આ પ્રેસ કોન્ફરન્સમાં ધારાસભ્યશ્રીઓ શ્રી કેતનભાઇ ઇનામદાર, શ્રી અક્ષયભાઇ પટેલ, શ્રી અભેસિંહ તડવી, વડાદોરા જિલ્લાના પ્રમુખશ્રી સતિષભાઇ નિશાળીયા, પ્રદેશ મુખ્ય પ્રવકતાશ્રી યમલભાઇ વ્યાસ, પ્રદેશના સહ પ્રવકતાશ્રી કિશોરભાઇ મકવાણા ઉપસ્થિત રહ્યા હતા.

# શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર બોટાદ અને નિયામક શ્રી આયુષ ની કચેરી ગાંધીનગર આયુર્વેદ શાખા જિલ્લા પંચાયત બોટાદ સંયુક્ત ઉપક્રમે 'નિશુલ્ક હોમિયોપેથિક નિદાન સારવાર કેમ્પ' રાખવામાં આવેલ



આજ રોજ તારીખ ૧૦ એપ્રિલના રોજ 'વિશ્વ હોમિયોપેથિક દિવસ' નિમિત્તે શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર બોટાદ અને નિયામક શ્રી આયુષ ની કચેરી ગાંધીનગર આયુર્વેદ શાખા જિલ્લા પંચાયત બોટાદ સંયુક્ત ઉપક્રમે 'નિશુલ્ક હોમિયોપેથિક નિદાન સારવાર કેમ્પ' રાખવામાં આવેલ જેમાં ડો.સંગીતાબેન દેસાઈ અને તેમના સ્ટાફ દ્વારા નિશુલ્ક સારવાર આપવામાં આવેલ.જેમાં આશરે ૫૫ જેવા દર્દીઓએ લાભ લીધેલ.આ નિશુલ્ક સારવાર કેમ્પમાં,બોટાદ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી ઘનશ્યામભાઈ વિરાણી ખાસ પ્રોત્સાહક હાજરી આપેલ અને કોઠારી સ્વામી તથા મંદિરના ટ્રસ્ટીગણનો આભાર વ્યક્ત કરેલ.અહેવાલ કનુભાઈ ખાચર

# RTI ACT*""સરકારી સેવા સત્તામંડળની પ્રથમ ફરજ, પ્રજાએ નથી કરવાની અરજ""

## Rti Act Reform Movement GUJARAT INDIA: સંયોજક દિપક પટેલ શિક્ષક સુરત

### કદમ તો ઉઠાઓ , નથી જરૂર આરટીઆઈ એકટ હેઠળ અરજ. જાણો જવાબદાર, સરકારી દફતર,જાહેર સેવા સત્તા મંડળની ફરજ

આરટીઆઈ એકટ મુજબ માહિતી મેળવવાનો અધિકાર એનો અમલ શરૂ કરવામાં ૨૦૦૫માં આજે ૨૦૨૩નું વર્ષ, પુષ્પ વયનો થઈ ગયો આપણો મૌલિક સંવિધાનિક અધિકાર,લોકશાહીનો ધબકાર,

શું આપણું સ્વરાજ થઈ રહ્યું છે સાકાર?

જુઓ,જાણો, જાગો, જીવો જનતા જ છે જનાર્દન.

આરટીઆઈનું પહેલું પગથિયું પીડીઆઈ. પ્રોએક્ટિવ ડીસ્કલોઝર ઈન્ફોર્મેશન.સ્વયંભુ જાહેર કરવાની માહિતી

કાયદાની કલમ-૪(૧) મુજબ દરેક સત્તામંડળે આ માહિતી સામેથી જાહેર કરવાની છે.

માહિતી અધિકારનો કાયદા–૨૦૦૫ અનુસાર દરેક જાહેર સત્તામંડળે નીચે મુજબની માહિતી સામે ચાલીને જાહેર કરવાની રહે છે. આ માહિતીને કાયદામાં "પ્રોએક્ટીવ ડીસ્ક્લોઝર" કહેવામાં આવે છે.

પોતાના વ્યવસ્થાતંત્ર, કાર્યો અને ફરજોની વિગતો;

અધિકારીઓ અને કર્મચારીઓની સત્તાઓ અને ફરજો;

દેખરેખ અને જવાબદારીના માધ્યમ સહિત નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્યરીતિ;

પોતાના કાર્યો બજાવવા માટે નક્કી કરેલા ધોરણો;

કાર્યો બજાવવા માટે પોતાની પાસેના અથવા નિયંત્રણ હેઠળના કે કર્મચારીઓ દ્વારા અનુસરવામાં આવતા નિયમો, વિનિયમો, સૂચનાઓ, નિયમસંગ્રહો અને તે સંબંધી રેકર્ડ;

પોતાની પાસે અથવા પોતાના નિયંત્રણ હેઠળ હોય તેવા દસ્તાવેજોની કક્ષા અને વર્ગીકરણનું પત્રક;

વિભાગ કે સત્તામંડળે અનુસરવાની નીતિ અથવા તેના અમલીકરણ સંબંધમાં નાગરિકો સાથે વિચારવિનિમય માટે અથવા તેમના દ્વારા રજૂઆત માટેની વિદ્યમાન ગોઠવણની વિગતો;

તેના ભાગ તરીકે અથવા તેની સલાહના હેતુ માટે બે અથવા તેથી વધુ વ્યક્તિઓના બનેલા બોર્ડ, કાઉન્સિલ, સમિતિ અને બીજા મંડળોની બેઠકો લોકો માટે ખુલ્લી છે કે કેમ અથવા તેવી બેઠકોની કાર્યનોંધો લોકોને મળવા પાત્ર છે કે કેમ;

તેના અધિકારીઓ અને કર્મચારીઓની માહિતી;

##માહિતી અધિકાર ૨૦૦૫ના વિનિયમોમાં જોગવાઈ કર્યા પ્રમાણે વળતરની પદ્ધતિ સહિત તેના દરેક અધિકારીઓ અને કર્મચારીઓને મળતાં માસિક મળતરની વિગતો;

ઈઈતમામ યોજનાઓ, સૂચિત ખર્ચ અને કરેલી વહેંચણી પરના અહેવાલોની વિગતો દર્શાવતી તથા તે દરેક એજન્સીને ફાળવેલા નાણાંકીય સંસાધનોની વિગતો

##ફાળવેલી રકમો અને તેવા કાર્યક્રમોના લાભાર્થીઓની વિગતો સહિત આર્થિક સહાય કાર્યક્રમોની અમલબજવણીની રીત

##છૂટછાટો, પરવાનગીઓ અથવા અધિકૃતિઓ મેળવનારાની વિગતો;

##ઈલેક્ટ્રોનિક સ્વરૂપમાં ઉપલબ્ધ અથવા ધરાવેલી માહિતીને લગતી વિગતો;

##જાહેર ઉપયોગ માટે નિભાવવામાં આવતા હોય તેવા ગ્રંથાલય અથવા તેવા વાંચનાલયના કામકાજના કલાકો સહિતની માહિતી તથા તે મેળવવા માટે નાગરિકોને ઉપલબ્ધ સુવિધાઓની વિગતો;

##જાહેર માહિતી અધિકારીઓના નામો, હોદ્દાઓ અને બીજી વિગતો;

##ઠરાવવામાં આવે તેવી બીજી માહિતી

આ માહિતી મેળવવા અરજદારે અરજી ફી ભરવાની કે ૩૦ દિવસ રાહ જોવાની જરૂર નથી.

આ પ્રકારની માહિતી, કાયદાની કલમ ૪(૪) મુજબ ફક્ત નકલ ફી (ફોટોકોપી ના ખરેખર થયેલા ખર્ચની રકમ) ભરી નાગરિક તરત મેળવી શકે છે.

કાયદાનુસાર જણાવેલા ૧૭ પ્રકારની માહિતી જો જાહેર સત્તામંડળ પાસે મેન્યુઅલના સ્વરૂપમાં ઉપલબ્ધ ના હોય તો તે જાહેર માહિતી અધિકારી દ્વારા માહિતી નકારવાનો ગુન્હો બને છે.

જરૂરી માહિતી માંગવાની અરજી કરતાં પહેલાં એટલું ચકાસી લો કે, તે માહિતી પ્રોએક્ટીવ ડિસ્કલોઝરની કક્ષામાં આવતી માહિતી તો નથી ને ? આ માહિતી માહિતી અધિકારીઓને સ્વયંભુ જાહેર કરવા ગુજરાત સરકાર સામાન્ય વહીવટી વિભાગ દ્વારા આદેશ કરવામાં આવ્યાં છે.

જો તેમ હોય તો તમારે રૂ઼. ૨૦ ફી ભરવાની કે ૩૦ દિવસ રાહ જોવાની જરૂર નથી.

આવી માહિતી તમે જાહેર માહિતી અધિકારી પાસે જઈ ને રૂબરુ જોઇ શકો છો, તેના ઉતારા કરી શકો છો અને જરૂર જણાય તો નકલ કે સીડી કે પેનડ્રાઈવ માં પણ માંગી શકો છો.

છેલ્લે એ પણ જાણી લો જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં જિલ્લા સંકલન સમિતિ સભા મળે છે, સરકારી કાયદા વ્યવસ્થા અમલ અંગે તકેદારી અહેવાલ તૈયાર કરવામાં આવે છે.

માહિતી અધિકાર અધિનિયમ મુજબ અમલવારી ઉપર દેખરેખ રાખવા લોકોની ભાગીદારી, સજજતા અને સજાગતા નું પણ પ્રાવધાન છે.

હવે પછી આવતાં લેખમાં ""આરટીઆઈ અનવયે અદાલત આંધળી નથી.""

દિપક પટેલ ૯૯૦૪૦૧૨૧૬૯.શિક્ષકની કલમે.

# જીવનના દરેક પ્રસંગોના યાદગાર ગીતો લખનાર ગુલશન બાવરા



**હાલ પાકના લાહોર પાસેના શેખપુરામાં ૧૨ એપ્રિલ ૧૯૩૭ માં જન્મેલા ગુલશન બાવરાનું મૂળ નામ ગુલશન મહેતા હતું.**

**૭ વરસ પછી ગુલસનની મુલાકાત કલ્યાણજી આણંદજી સાથે થઈ કલ્યાણજીની ફિલ્મ "સટ્ટા બજાર" માં ગુલસનના ગીતો 'તુમે યાદ હોગા' ચાંદી કે ચંદ ટુકડો કે લિયે" સુપરહીટ થયા ગુલશન તડકબધક રંગીન શર્ટ પહેરવાના શોખીન હતા તેથી મિત્રો તેમને પાગલ વ્યકિત બાવરા નામથી બોલવતા તેમનું નામ ગુલશન બાવરા જ પડી ગયું**

**ગુલસને લગભગ ૨૫૦ ની આસપાસ ગીતો લખ્યા છે ગુલશને જીવનમાં આવતા દરેક ખાસ મોકા પર યાદગાર ગીતો લખ્યા છે ગુલશનનું મનોજ આશા પ્રાણવાલી ઉપકારનું ગીત " મેરે દેશ કી ધરતી " આજે પણ દેશભક્તિ ગીતોમાં મોખરાનું સ્થાન ધરાવે છે અમિત જયાની જંજીરનું " યારી હે ઈમાન મેરા" દોસ્તી માટે બેમિસાલ ગીત છે**

**ગુલશને દોસ્તી રોમાન્સ મસ્તી ગમ ખુશી દરેક પર ગીતો લખ્યા છે**

**ગુલશને ' મેરે દેશ કી ધરતી " અને યારી હે ઈમાન મેરા " એમ બે ગીતો માટે શ્રેષ્ઠ ગીતકારના બે ફીલ્મફેર એવોર્ડ મળ્યા છે**

**તમે પડદા પર ગુલસનને જંજીરનું " દિવાને હે દિવાનો કો" ગાતા જોઈ શકો છો**

**ગુલશનના ઘણા બધા ગીતોને રાહુલદેવ બર્મને સગીતથી સજાવ્યા છે.**

**ગુલશને ઉપકાર જંજીર સનમ તેરી કસમ અગર તુમ ના હોતે કસમે વાદે સત્તે પે સત્તા ખેલ ખેલમેં આવાજ પવિત્ર પાપી વિશ્વાસ ફિલ્મમાં સુપર દુપર હિટ ગીતો લખ્યા છે**

**પ્રાણ પર ફિલ્મવાયેલું ઉપકારનું મન્ના ડેનું કસમે વાદે તમે આજે પણ સાંભળો તો તરત જ તમારી આંખો ભીની થઈ જાય.**

**૭ ઓગસ્ટ ૨૦૦૯ માં ગુલશન મુંબઈમાં ૭૨ વરસની વયે અવસાન પામ્યા.**

**આપણા અનેક પ્રસંગોને સુરીલી સરગમથી ભરી દેનાર ગુલશનને કોટી કોટી વંદન.**

**અબ્બાસભાઈ કૌકાવાલા**
**સુરત**
**૯૩૭૬૯ ૮૧૪૨૭**






## સંસ્થા સમાચાર

# પોલીસ, આર્મીના લાભાર્થે ચેરિટી શો




પોલીસ અને આર્મી (લશ્કર)ના લાભાર્થે બોરીવલી વેસ્ટમાં પ્રબોધન ઠાકરે ઓડિટોરિયમ ખાતે તા. ૧૫.૪.૨૦૨૩, શનિવારે ચેરિટી શો - એક શામ શહીદો કે નામનું આયોજન યુવક મંડળ અને અંબા એન્ટરપ્રાઈઝ દ્વારા રાતે ૮.૩૦થી ૧૦.૪૬ વાગ્યા સુધી કરાયું છે. આ પ્રસંગે સંસદ રત્ન અવોર્ડ મેળવવા બદલ સાંસદ ગોપાલ શેટ્ટીનું પણ સન્માન કરાશે.

# અરવલ્લી જિલ્લામાં રીચાબેન રાજીવભાઈ વણકરને મળી વિદેશ અભ્યાસ માટે સહાય ઓસ્ટ્રેલિયામાં કરી રહ્યા છે અભ્યાસ

## વિદેશમાં ઉચ્ચ અભ્યાસના સપનાને ઉડાન આપી રહી છે રાજ્ય સરકારની 'વિદેશ અભ્યાસ લોન યોજના'



માહિતી કચેરી અરવલ્લી - ૧૦ એપ્રિલ ૨૦૨૩

અરવલ્લી જિલ્લામાં બાયડ તાલુકાના કોટડાઆંબાગામ ના રિચાબેનને ગુજરાત સરકારની વિદેશ અભ્યાસ યોજના અંતર્ગત ૧૫ લાખની સહાય મળતા તેઓ ઓસ્ટ્રેલિયા ભણવાનું સ્વપ્ન સાકાર થયું છે.રિચાબેન અને તેમના પરિવાર સાથે સંવાદ કરતા જાણવા મળ્યું કે, રિચાને વિદેશમાં ભણવા જવાનુ સપનું રાજય સરકારની વિદેશ અભ્યાસ યોજના અંતર્ગત પૂરું થયું છે. આજે રિચા ઓસ્ટ્રેલિયામાં ભણી રહી છે.વિદેશમાં અભ્યાસ કરવાનું સપનું કોઈ પણ અવરોધ વગર સાકાર થાય તે માટે રાજય સરકારની સહાય માટે અમે આભારી છીએ.

અનુસૂચિત જાતિના તેજસ્વી યુવાઓની સિદ્ધિ તથા સફળતા આડે નબળી આર્થિક પરિસ્થિતિ ન આવે તે માટે રાજય સરકારે તેઓના શમણા સાકાર કરવાનું બીડું ઝડપ્યું છે.શિક્ષણ એ સુસંસ્કૃત સમાજનો પાયો છે. આ પાયાને વધુ મજબૂત બનાવી સુદ્રઢ સમાજની ઈમારત ઊભી કરવા માટે રાજ્ય સરકાર દ્વારા વિશેષ કાળજી લેવામાં આવે છે. વિશેષરૂપથી વંચિતોનું હિત આ સરકારના હૈયે વસેલું છે. અને એટલા માટે જ અનુસૂચિત જાતિના યુવાઓને ઉચ્ચ અભ્યાસમાં આવતા આર્થિક અવરોધોને દૂર કરી રહી છે રાજ્ય સરકારની 'વિદેશ અભ્યાસ લોન યોજના'. ધોરણ ૧૨ માં ૬૦% કે તેથી વધુ ગુણ મેળવેલા હોવા જોઈએ.ધોરણ ૧૨ પછી સ્સ્ન્જી ના અભ્યાસ માટે, સ્નાતક કે ડિપ્લોમા પછી ડિગ્રી મેળવી લો હોય તો

પેરા મેડિકલ, પ્રોફેશનલ રિસર્ચ જેવા ટેકનીકલ અભ્યાસ વિગેરે જેવા કોઈપણ વિદેશ માં અભ્યાસ માટે પોસ્ટ ગ્રેજ્યુએશન ડિપ્લોમા કે માસ્ટર કોર્સ અથવા તેના જેવા જ સમાન અભ્યાસક્રમ માટે,લાભ મેળવનાર અરજદારને કુટુંબની વાર્ષિક આવક ૬ લાખથી ઓછી હોવી જોઈએ.વિદ્યાર્થીઓને વિદેશ અભ્યાસ માટે ગુજરાત સરકાર દ્વારા આર્થિક સહાય કરવા માટે વિદેશ અભ્યાસ લોન સહાય શરૂ કરવામાં આવેલી છે. આ યોજના હેઠળ ગુજરાત સરકારે જે વિદ્યાર્થીઓ વિદેશમાં અભ્યાસ કરવા ઈચ્છતા હોય તેમને સાદા વ્યાજ તરીકે વિદેશ અભ્યાસ લોન (ફૈઙ્ઘીજર છજ્ઞરઅઙ્ગજ ન્ઙ્કહ જીઙ્ગરઙ્ગઅ ફ્રૈદ્બઙ્ગહઙ્ગ) આપવામાં આવે છે.વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે મહત્તમ રૂ.૧૫.૦૦ લાખની વિદેશ અભ્યાસ લૉન આપવામા આવે છે.

રેશ્મા નિનામા
માહિતી મદદનીશ
અરવલ્લી

# ગાંધીનગર મહાનગરપાલિકા સોલાર રૂફટોપથી મહિને ૩ લાખ રૂપિયાની બચત કરશે, પર્યાવરણને પણ ફાયદો થશે

તા. ૧૦ એપ્રિલ, ૨૦૨૩
ગાંધીનગર,

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબની દિર્ઘ દ્રષ્ટિ તેમજ રીન્યુએબલ એનર્જી થકી દેશને આત્મનિર્ભર બનાવવાના સ્વપ્નને સાકાર કરવાના રસ્તે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ગ્રીન એનર્જી પર ભાર મૂકવામાં આવી રહ્યો છે. ગાંધીનગર મહાનગરપાલિકાની મુખ્ય કચેરી તેમજ ફાયર સ્ટેશનની છત પર સોલાર સિસ્ટમ લગાવીને ગ્રીન એનર્જી ઉત્પન કરવા માટેની શરૂઆત કરવામાં આવી છે.

સ્માર્ટ સિટી મિશન હેઠળ ગાંધીનગર મહાનગરપાલિકાના વિવિધ સ્થળો પર સોલાર રૂફટોપ અને સોલાર ટ્રી ઈન્સ્ટોલેશનની કામગીરી કરવામાં આવી છે. જેનું ઉદ્ઘાટન ગાંધીનગરના મેયરશ્રી હિતેશભાઈ મકવાણાના હસ્તે કરવામાં આવ્યું હતું. જેમાં ધારાસભ્યશ્રી અલ્પેશ ઠાકોર, રીટાબેન પટેલ, ડે. મેયરશ્રી પ્રેમલસિંગ ગોલ, સ્ટે. કમિટીના ચેરમેનશ્રી જશવંતભાઈ પટેલ, મ્યુનિસિપલ કમિશનરશ્રી જીતેન્દ્રસિંહ વાઘેલા, ડે. મ્યુ. કમિશનરશ્રી કેયૂર જેઠવા તેમજ મહાનગરપાલિકાના કાઉન્સિલરશ્રીઓ તેમજ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રોજેક્ટ હેઠળ ૩૨ સ્થળો પર કુલ ૯૪૫ કિલોવોટના સોલાર પ્લાન્ટ લગાવવામાં આવ્યા છે. જેમાં મહાનગરપાલિકાની મુખ્ય કચેરી પંડિત દીનદયાલ ઉપાધ્યાય ભવન ખાતે કુલ ૩૬૫ કિલોવોટની રૂફટોપ સિસ્ટમ લગાવવામાં આવી છે. જેની મદદથી મહાનગરપાલિકાને વર્ષે અંદાજે ૩૫.૮૮ લાખ રૂપિયાની બચત થશે. આ ઉપરાંત પર્યાવરણને પણ લાભ થશે. આ સિસ્ટમથી ૨૫ વર્ષમાં અંદાજે ૯૩૦૦ ટન કાર્બન ડાયોક્સાઈડનું ઉત્સર્જન ઘટશે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.